

એક હતો મનસુખ...
આ વાર્તા છે એક ખુશખુશાલ ગામની...
ભાગ–૧

આ વાર્તા છે ભારતના એક નાનકડા ગામ જગદીશપુરની, જ્યાં ઘણા સમયથી અજ્ઞાનતા અને અંધવિશ્વાસને લીધે ગામમાં છેલ્લા કેટલાય વર્ષોથી કોઈ પ્રગતિ થઈ નહોતી... પરંતુ એક દિવસ એવો આવ્યો કે જ્યારે એ જ ગામના એક યુવાને જૂની પરંપરાઓને તોડીને ગામના લોકોની આંખો ખોલી દીધી... તે ગામના લોકોના મનમાં કેટલાય વર્ષોથી ચાલી આવતી અજ્ઞાનતા અને રૂઢીચુસ્તતાનો જ માત્ર અંત નહોતો લાવ્યો, પરંતુ તેણે ગામના લોકોને વિકાસનો એવો માર્ગ બતાવ્યો જેનાથી થોડા જ વર્ષોમાં એ ગામ સૌથી ખુશાલ અને સમૃદ્ધ બની ગયું અને અન્ય ઘણા ગામો માટે તે આદર્શ બની ગયું... તમે જાણવા માગશો કે આ કેવી રીતે બન્યું?

ચાલો જોઈએ આ ગામની કિસ્મત કેવી રીતે બદલાઈ!





(બેઠક યોજાઇ છે... ગામના સરપંચ બેઠા છે અને અન્ય કેટલાક લોકો પણ બેઠા છે...)
(ત્યારે જ અચાનક કેટલાક લોકો સાથે મળીને સરપંચની તરફ આવી રહ્યા છે... પુરુષો અને મહિલાઓ...)
બધા લોકોઃ રામ રામ! સરપંચજી...
સરપંચઃ રામ રામ! રામ રામ!
સરપંચઃ અરે મનસુખ તું... લક્ષ્મીબેન... પરેશ... સવિતાબેન... તમે બધા, આવો આવો બેસો બેસો અને કહો, આજે અચાનક તમારે બધાને કેમ આવવાનું થયું!
મનસુખઃ વાત એમ છે સરપંચજી, કે અમે સાંભળ્યું છે કે ગામમાં પરમાણુ વીજળીઘર આવવાનું છે! શું આ સાચું છે?



સરપંચઃ હા ભાઈઓ, સાંભળ્યું તો મેં પણ છે. પરંતુ તમે બધા આટલા ચિંતિત કેમ છો? આ આપણા ગામ માટે ઘણી સારી વાત છે.
લક્ષ્મીબેનઃ આ શું બોલી રહ્યા છો સરપંચજી... અમે તો સાંભળ્યું છે કે તેનાથી ઘણા બધા વિકિરણ નીકળે છે, જેને લીધે આપણા બધાનું મૃત્યુ થઈ જશે. એટલે સુધી કે આપણા બાળકો અને ઢોર પણ વિકલાંગ જન્મી શકે છે.
સરપંચઃ (હસીને) આ શું કહી રહ્યા છો લક્ષ્મીબેન... જો એવું હોત તો ત્યાં કામ કરતા તમામ લોકો પણ મરી ગયા હોત, એવું બિલકુલ હોતું નથી.
આપણે તેનાથી જરાય ડરવાની જરૂર નથી.
(બધા એકબીજાનું મોં જોઈને...)
સરપંચઃ શું તમે જાણો છો કે આપણે જે સૂર્ય ભગવાનની પૂજા કરીએ છીએ તેમાંથી પણ વિકિરણ નીકળે છે? તમે જે મકાનોમાં રહો છો તેમાંથી પણ વિકિરણ નીકળે છે. આટલું જ નહીં તમે જે ખાવો છો, પીવો છો, ટીવી જુઓ છો, રેડિયો સાંભળો છો કે પછી તમારા મોબાઈલથી વાત કરો છો, તે તમામ ચીજવસ્તુઓમાંથી વિકિરણ નીકળે છે. (બધા લોકો ચુપચાપ સાંભળી રહ્યા છે...)



સરપંચઃ આને જુઓ છો... આ કોણ છે? (સરપંચ ઈશારો કરે છે...) આ મારો પૌત્ર જિગ્નેશ છે. આજે જ શહેરમાંથી આવ્યો છે... આગળની વાત તમને જિગ્નેશ કહેશે.
(બધા ગામવાળા જિગ્નેશની તરફ જોઈ રહ્યા છે...)
જિગ્નેશઃ બધા લોકોને મારા સાદર પ્રણામ.
જિગ્નેશઃ કેમ લક્ષ્મી કાકી મને ઓળખ્યો કે નહીં?
(લક્ષ્મીબેન જોઈને હંસે છે...) લક્ષ્મીબેનઃ અરે હા, જિગ્નેશ... આટલો મોટો થઈ ગયો છે.
જિગ્નેશ દાદાજી એકદમ સાચું કહી રહ્યા છે. હકીકતમાં વિકિરણ એક પ્રકારની ઉર્જા હોય છે, જે સંસારની દરેક ચીજવસ્તુમાં અસ્તિત્વ ધરાવતી હોય છે...અને હા, જ્યાં સુધી પરમાણુ વીજળીઘરમાંથી નીકળતા વિકિરણનો પ્રશ્ન છે ત્યાં સુધી તે સાવ નજીવા હોય છે, એટલે કે ના જેવા. સમજ્યા...?


જિગ્નેશઃ અચ્છા, મને એ જણાવો કે તમારામાંથી કેટલા લોકોએ પોતાનો એક્સ-રે કરાવ્યો છે?
(ત્રણ-ચાર લોકો પોતાનો હાથ ઊંચો કરે છે...)
જિગ્નેશઃ શું તમે જાણો છો કે એક વખત એક્સ-રે કરીએ ત્યારે તેમાંથી તમારા શરીરને જેટલા વિકિરણ લાગે છે તે લગભગ ૨૦ વર્ષ સુધી પરમાણુ વીજળીઘરમાં કામ કરો કે તેની આસપાસ રહો તેના બરાબર હોય છે.
બધા લોકોઃ અચ્છા! (બધા એકબીજાની સામે જોઈ રહ્યા છે...)
સવિતાબેનઃ પરંતુ અમે તો એ પણ સાંભળ્યું છે કે પરમાણુ વીજળીઘરમાં કામ કરતા લોકો અને તેની આસપાસ રહેતા લોકોને તમામ પ્રકારના કેન્સરનું જોખમ હોય છે.
જિગ્નેશઃ સવિતા કાકી તમે સાવ ખોટું સાંભળ્યું છે. માત્ર પરમાણુ વીજળીઘરમાં કામ કરવાથી કે તેની આસપાસ રહેવાથી કોઈ કેન્સર થતું નથી. સવિતા કાકી જો એવું હોય તો ત્યાં કોઈ કામ જ ન કરે.


જિગ્નેશઃ અને હા, ગયા વર્ષે તમારા જ ગામના જ લોકોનું તમાકુ ખાવાને લીધે મોંના કેન્સરથી મૃત્યુ થયું છે.
જ્યારે પરમાણુ વીજળીઘરોમાં સુરક્ષિત ઉપકરણો અને વસ્ત્રોના ઉપયોગથી વર્ષો સુધી કાર્ય કર્યા બાદ પણ લોકોને કશું જ થતું નથી.
જિગ્નેશઃ તેનાથી વિપરિત, વિકરણનો ઉપયોગ સીટી–સ્કેન અને એમ.આર.આઇ દ્વારા કેન્સરના રોગ અંગે જાણકારી મેળવવા અને તેના ઉપચાર માટે કરવામાં આવે છે. સમજ્યા?
લક્ષ્મીબેનઃ પરંતુ બેટા... કાલે સવિતા એવું જણાવી રહી હતી કે પરમાણુ વીજળીઘરની આસપાસ રહેતી મહિલાઓ વિકિરણને લીધે ક્યારેય માતા બની શકતી નથી. તે મહિલાઓને બાળક થતા નથી. શું આ સાચું છે?
જિગ્નેશઃ હસીને... લક્ષ્મી કાકી, સવિતા કાકી બિલકુલ ખોટી વાત કહી રહ્યા છે... આ તમામ અફવાઓ છે... હકીકતમાં વિકિરણના ઉપયોગથી સોનોગ્રાફી મશીન દ્વારા તમારા બાળકના વિકાસની સાચે–સાચી માહિતી મળે છે. તેથી વિકિરણ તમારો મિત્ર છે... દુશ્મન નહીં... સમજ્યા કાકી? અને મનસુખ કાકા તમને યાદ છે કે પાછલા વર્ષે ચેપગ્રસ્ત સોંયને કારણે ગામમાં રહેતા રામનરેશના પુત્ર સરયુનું મૃત્યુ થયું હતું.


જિગ્નેશઃ પરંતુ સોંયને વિકિરણની મદદથી ચેપગ્રસ્ત થતા રોકી શકાય છે અને તેને ઘણી વખત ઉપયોગમાં પણ લઈ શકાય છે, જેનાથી કોઈ પણ વ્યક્તિ અને પશુને કોઈ પણ નુકશાન થતું નથી.
મનસુખઃ પરંતુ જિગ્નેશ બેટા, આપણા ગામમાં પરમાણુ વીજળીઘર જ કેમ? શું એવી કોઈ બીજી રીત નથી જેનાથી આપણને વીજળી મળી શકે? કારણ કે અમે સાંભળ્યું છે કે પરમાણુ વીજળીઘરને લીધે અમારા કેરીના બાગ, ખેતરો, પાક અને મત્સ્યપાલન પર ખરાબ અસર પહોંચી શકે છે.
જિગ્નેશઃ મનસુખ કાકાએ બહુ સરસ પ્રશ્ન પૂછ્યો છે... વીજળીનાં સર્જન માટે અન્ય પણ ઘણા વિકલ્પો છે, પરંતુ પરમાણુ ઉર્જાથી ઉત્પન્ન વીજળી ખૂબ સ્વચ્છ અને સસ્તી હોય છે. તેનાથી પર્યાવરણને કોઈ હાની પહોંચતી નથી. તમારા ફળોના બાગ, ખેતર અને મત્સ્યપાલન તમામ સુરક્ષિત રહે છે.
જિગ્નેશઃ જ્યારે કોલસા અને અન્ય સ્ત્રોતથી ઉત્પન્ન વીજળીથી પર્યાવરણને ઘણું નુકશાન થાય છે. વાતાવરણમાં હાનીકારક ગેસ એકત્રિત થાય છે, જેનાથી આપણા સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર પહોંચે છે.
આ સાથે હું તમને એ પણ જણાવવા માંગું છે કે વિકિરણનો ઉપયોગ ફળોને જલ્દી સડતા અટકાવવામાં, બટાટા, ડુંગળીને જલ્દી અંકુરણથી બચાવવા અને અને દાળ, ચોખા, વટાણા વગેરે પાકોને તેમાં થતા કિટકોથી બચાવવા માટે કરવામાં આવે છે. જેનાથી તમારો પાક લાંબા સમય સુધી સુરક્ષિત રહી શકે છે. અને વિકિરણથી તમારા બીજની ગુણવત્તા પણ વધી જાય છે.



જિગ્નેશઃ બીજી એક વાત... બાકીના સ્ત્રોતોમાંથી વીજળી બનાવતા સંશાધનો મર્યાદિત હોય છે, જ્યારે ઘણી માત્રામાં સંશાધન હોવાને લીધે પરમાણુ ઉર્જાથી આપણે કેટલાય વર્ષો સુધી વીજળીનું નિર્માણ કરી શકીએ છીએ.
પરેશઃ પરંતુ બેટા એક વાત કહે કે અમે સાંભળ્યું છે કે સૌરઉર્જા અને પવન ચક્કીથી પણ વીજળી પેદા થઈ શકે છે... તો પછી આપણે પરમાણુ ઉર્જાથી જ વીજળી કેમ મેળવીએ?
જિગ્નેશઃ પરેશ કાકા... તમે ખૂબ સારો પ્રશ્ન કર્યો છે... કોઇ શંકા નથી કે આપણે સૌરઉર્જા અને પવન ચક્કીઓ દ્વારા પણ વીજળી પેદા કરી શકીએ છે. પરંતુ બંને સ્ત્રોતોમાંથી મોટા પાયે ઉર્જાનું ઉત્પાદન કરવા માટે આપણે વધુ જમીનની જરૂરિયાત રહે છે. બીજું એ કે સૌરઉર્જા માટે આપણને દિવસમાં સૂર્ય નારાયણ મળી શકશે, પરંતુ રાત્રે આપણે વીજળી કેવી રીતે પેદા કરી શકીશું?
(બધા વિચારી રહ્યા છે...)
જિગ્નેશઃ અને જ્યાં સુધી પવન ચક્કીની વાત છે ત્યાં સુધી તેના માટે દરેક સમયે હવાના યોગ્ય પ્રવાહ અને નિયંત્રણની જરૂર રહે છે... જ્યારે પરમાણુ વીજળીઘર માટે ઓછી જગ્યાની જરૂર હોય છે અને મોટા પાયે ૨૪ કલાક સુધી વીજળી મેળવી શકાય છે. સમજ્યા...? અને હા તેનાથી ઉત્પન્ન વીજળીનો ખર્ચ પણ ઘણો ઓછો હોય છે. અને તે સસ્તી પણ હોય છે.
લક્ષ્મીબેનઃ પણ બેટા અમે તો એવું પણ સાંભળ્યું છે કે અણુ ઉર્જા ઘણી જોખમી હોય છે અને અને સંકટ સમયે ઘણા મોટા પાયે જાનહાની થાય છે.
જિગ્નેશઃ લક્ષ્મી કાકી, શું તમે જાણો છો કે વિશ્વમાં સૌથી ખરતનાક જે છે તે અગ્ની છે. આજથી આઠ લાખ વર્ષ પહેલા સૌ પ્રથમ અગ્નીનું સર્જન થયું હતું અને તેનાથી નીકળેલી ઉર્જાથી હજારો લોકોનું મૃત્યુ અને સંપત્તિઓનું નુકશાન થયું હતું... પરંતુ આજે એક નાનું બાળક પણ પોતાના ખિસ્સામાં માચિસ લઈને આરામથી ફરે છે...જાણો છો કેમ? કારણ કે આપણે તેને યોગ્ય રીતે ઉપયોગમાં લેવાનું શીખી લીધું છે. એવી જ રીતે સંપૂર્ણ રીતે સુરક્ષા અને સાવધાનીથી જો કોઇ કામ કરવામાં આવે તો કોઇ પણ પ્રકારની ઘટનાથી બચી શકાય છે. આ ઉપરાંત કેટલીક વખત હજારો લોકો રેલ અને હવાઈ અકસ્માતોનો ભોગ બને છે. પરંતુ તેમ છતાં શું લોકો રેલગાડી કે વિમાનની મુસાફરી કરવાનું બંધ કરી દે છે?



જિગ્નેશઃ દર વર્ષે હજારો લોકો પૂર, ભૂકંપ, ભૂસ્ખલન અથવા માર્ગ અક્સમાતમાં પોતાનો જીવ ગુમાવે છે. તેથી પોતાના મનમાંથી આ તમામ વાતોને ભગાવીએ અને સારી બાબતોને આવકારીએ.
મનસુખઃ પરંતુ જિગ્નેશ બેટા પરમાણુ વીજળીઘરથી આપણને શો લાભ થશે? એવું સાંભળ્યું છે કે સરકાર અમારી જમીન પણ લઈ લેશે. અમે શું ખાઈશું... રહીશું કેવી રીતે?
જિગ્નેશઃ જુઓ કાકા જો સરકાર આપની જમીન લઈ લેશે તો તેના બદલામાં તમને સૌને યોગ્ય વળતર પણ મળશે. તમારું પુનર્વસન કરવું એ સરકારની જવાબદારી છે. અને થોડું વિચારો કે પરમાણુ વીજળીઘર સ્થપાઈ ગયા પછી ગામની કેટલી પ્રગતિ થશે.
School
જિગ્નેશઃ તમારા ગામમાં ૫થી ૬ કલાક સુધી વીજળી મળે છે, તે વીજળી ૨૪ કલાક સુધી મળશે... ગામમાં તમારા બાળકોના અભ્યાસ માટે શાળાઓ સ્થપાશે, જ્યાં તમારા બાળકોને મફત શિક્ષણ મળશે, હોસ્પિટલનું નિર્માણ થશે, જ્યાં તમને વિનામૂલ્યે સારવારની સુવિધા મળશે.
જિગ્નેશઃ આની સાથે પાકા માર્ગો, પાણી, સામુદાયિક કેન્દ્ર અને લગભગ દરેક લોકોને તેમની યોગ્યતા મુજબ રોજગારની તક પણ મળશે.
જિગ્નેશઃ આખરે તમારા બધાની પ્રગતિ થશે અને તમારું ગામ ખુશાલ બનશે.
(સૌના ચહેરા પર ખુશી છવાઈ જાય છે..)
મનસુખઃ બેટા, આ બધું તો ઠીક છે... પરંતુ એક વાત જણાવ કે પરમાણુ વીજળીઘર કેટલું સુરક્ષિત છે? ભૂંકપ અથવા સુનામી આવશે ત્યારે શું થશે? એવી સ્થિતિમાં અમારું શું થશે?


હા હા, અમારું શું થશે?
(સૌ સાથે બોલી રહ્યા છે...)
જિગ્નેશઃ સૌ શાંત થઈ જાઓ... તમારો વિચાર એકદમ યોગ્ય છે... પરંતુ હું તમારી જાણ ખાતર કહું છું કે દેશમાં આપણા જેટલા પણ વીજળીઘર છે તે તમામ સુરક્ષિત છે. તેમનું સંપૂર્ણ રીતે તબક્કાવાર પરિક્ષણ કર્યા બાદ જ સરકાર પાસેથી નિર્માણકાર્યની મંજૂરી મળે છે.
જે જગ્યા પર પરમાણુ વીજળીઘર સ્થાપવાનું હોય છે તે જગ્યા પર કેટલાય વર્ષો સુધી તેની ભૌગોલિક પરિસ્થિતિની તપાસ કરવામાં આવે છે, જો તે જગ્યા પર ભૂકંપ અથવા સુનામી આવવાની સહેજ પણ શક્યતા હોય તો સરકાર તે સ્થળ પર વીજળીઘર સ્થાપવાની મંજૂરી આપતી નથી... અને હા, જો તમને યાદ હોય તો જ્યારે આપણા દેશમાં ગુજરાતમાં ભૂકંપ અને ચેન્નઈમાં સુનામી આવ્યા હતા ત્યારે તે સંકટ સમયમાં પણ આપણા પરમાણુ વીજળીઘર પર્વતની જેમ અડીખમ અને સુરક્ષિત રહ્યા હતા અને વીજળીનું ઉત્પાદન યોગ્ય રીતે કરતા હતા.
પરેશઃ પરંતુ જિગ્નેશ બેટા આખરે આપણને પરમાણુ વીજળીઘરની જરૂર કેમ છે? અમે સૌ તો આવી રીતે બરાબર છીએ. અમારું કામ તો ખેતી અને મત્સ્યપાલન છે. અમે તો એ જ કરવા માગીએ છીએ. અમારે આખરે વીજળી કેમ જોઈએ?
મનસુખઃ હા બેટા, વર્ષોથી આપણા બાપદાદા અને પરદાદા પણ આ વ્યવસાય કરતા હતા... આજે અમે પણ આ વ્યવસાય કરીએ છીએ અને અમારા બાળકોનો ઉછેર કરી રહ્યા છીએ... આખરે અમને તેનાથી શું લાભ થાય? અમારું કામ તો ચાલી જ રહ્યું છે.
સવિતાબેનઃ હા હા અમે તો અમારા ઘરમાં સારી રીતે ખુશીથી રહીએ છીએ, તો અમે કેમ ચિંતા કરીએ...?
લક્ષ્મીબેનઃ હા અમને તો સવાર-સાંજની રોટલી અને શરીર ઢાંકવા માટે કપડા મળી રહે છે, અમારે તેનાથી વધુ શું જોઈએ?


જિગ્નેશઃ વાહ મનસુખ કાકા... લક્ષ્મી કાકી...
કેવી સરસ વાત કરી તમે? જો દરેક લોકો તમારી જેમ
વિચારવા લાગશે તો આજે આપણો દેશ જેવો ૬૦ વર્ષ
પહેલા હતો એવો આજે પણ હોત... આજે આઝાદીના
૬૦ વર્ષ બાદ ભારતનું નામ વિશ્વનાં પસંદગીનાં રાષ્ટ્રોમાં
લેવામાં આવે છે... જરા વિચારો કે દરેક વ્યક્તિ જો તમારા
અને તમારા બાપદાદાની જેમ જ ગામમાં રહીને ખેતી
અથવા મત્સ્યપાલન કરત તો શું આપણા દેશમાં કોઈ
ડોક્ટર, એન્જિનિયર, વૈજ્ઞાનિક, ખેલાડી અથવા
ઉદ્યોગપતિ બની શક્યું હોત?
જિગ્નેશઃ તમે જો બિમાર હોત તો તમારી
સારવાર કોણ કરતું? તમારા માટે
રોજબરોજની જરૂરિયાતના સામાનનું નિર્માણ
કોણ કરતું? નવી નવી શોધ કોણ કરતું?
આજે પણ આઝાદીના ૬૦ વર્ષ પછી પણ
તમારા વિચાર બદલાયા નથી. આજે પણ
તમે અંધવિશ્વાસ અને અજ્ઞાનતાની સાંકળમાં
જકડાયેલા છો.
જિગ્નેશઃ મનસુખકાકા... દેશમાં વિકાસ થવો ખૂબ જરૂરી છે...
જેનો સૌથી મોટો આધાર વીજળી છે... જો આપણા દેશમાં
વીજળીનું નિર્માણ થશે ત્યારે જ આપણા દેશની ઉન્નતી થશે...
તમારા ગામમાં વીજળી આવશે તો તમારા ટ્યૂબવેલ વધુ ને વધુ
સિંચાઇ કરી શકશે અને અત્યાધુનિક ટ્રેક્ટર અને ગુણવત્તાયુક્ત
બિયારણની મદદથી તમારા ખેતર અગાઉથી ૧૦ ગણી વધુ ઉપજ
પેદા કરશે અને તમારું જીવનધોરણ પણ સુધરશે.
(દરેક લોકો એકબીજાની સામે
જોઈ રહ્યા છે...)


જિગ્નેશઃ લક્ષ્મી કાકી માત્ર બે વખતનું ભોજન જ પૂરતું નથી હોતું... તમારા બાળકો સ્કૂલ નથી જતા, તેમને શિક્ષણ નથી મળતું... તેમને યોગ્ય રીતે પોષણક્ષમ ખોરાક નથી મળતો... બિમારી વખતે ડોક્ટરના અભાવને લીધે તેમને યોગ્ય સારવાર નથી મળતી... ક્યાં સુધી તમે હકીમ અને બાબાઓના માયાજાળમાં ફસાઇને તમારું નુકશાન કરશો? આખરે ક્યારે આપણી આંખો ખુલશે? ગામના વિકાસથી આપણા બાળકોનો વિકાસ થશે... તમારા બાળકો ભણી-ગણીને ડોક્ટર, એન્જિનિયર અને વૈજ્ઞાનિક બનશે... જરા વિચારો તમને કેટલી ખુશી થશે? તમારા ગામનું પણ નામ થશે.
જિગ્નેશઃ અને સવિતા કાકી... છાપરાના ઘરોમાં રહેવાથી તમે ખુશ રહી શકો છો... તમારા બાળકો નહીં, આજે પણ તમે ૬૦ વર્ષ જૂની વાતોમાં મૂંઝાયા કરો છો. આજે આપણો દેશ ક્યાંથી ક્યાં પહોંચી ગયો છે... ભારતમાં એકથી એક ચડિયાતા વૈજ્ઞાનીકો છે, એકથી એક ચડિયાતા ડોક્ટર, એન્જિનિયર, ખેલાડીઓ અને ઉદ્યોગપતિઓ બન્યા છે, જેમણે ભારતનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. અને તમે લોકો છો, જે આજે પણ લકીરના ફકીર બનેલા છો.
જિગ્નેશઃ જો એ લોકોએ પણ તમારી જેમ વિચાર્યું હોત તો આપણા દેશની આજે કેવી હાલત હોત? મને જ જોઇ લો આજે મારા માતાપિતાએ મને શહેરમાં ભણાવ્યો ન હોત તો કદાચ હું પણ આજે તમારી જેમ જ ગામમાં એક નિરક્ષર વ્યક્તિ હોત અને અહીં-તહીં ભટકતો હોત.
જિગ્નેશઃ અને હા... એક વાત બીજી, જો તમારે વિકાસ જોઇએ છે તો તેના માટે સૌથી મહત્ત્વપૂર્ણ વીજળીનું ઉત્પાદન છે... જેટલી વધુ ને વધુ વીજળી બનશે એટલો જ વ્યવસાય થશે અને કારખાના સ્થપાશે... ત્યારે જ ગામની પ્રગતિ થશે અને દેશ ખુશાલ થશે. હવે નિર્ણય હું તમારા પર છોડું છું કે આપણે વિજ્ઞાન અને અંધવિશ્વાસમાંથી કોને પસંદ કરવો છે? તમે બધા ભેગામળીને વિચારો કે તમારે સૌએ હવે શું કરવું છે?



જિગ્નેશઃ અને સવિતા કાકી એક બીજી વાત... આપણે બધા અહીં બેસીને આટલી વાતો કરી રહ્યા છીએ કે પરમાણુ ઉર્જા જોખમી છે, તેનાથી વિકિરણ નીકળે છે... જ્યારે પરમાણુ વીજળીઘરમાં કામ કરતા આપણા એન્જિનિયરો તેમના પરિવારની સાથે ઘણા વર્ષોથી ત્યાં સારી રીતે રહીને દેશની પ્રગતિમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે.
મનસુખઃ હા બેટા તું સાચું જ કહે છે. અમારો બધો ભ્રમ દૂર થઈ ગયો છે. વર્ષોથી અમે જે રૂઢીવાદ અને અજ્ઞાનતાના બંધનમાં બંધાયેલા છીએ તેમાંથી આજે તે અમને મુક્ત કર્યા છે અને ભાન કરાવ્યું છે કે આજે અમારે માનસિકતા અને વિચારોને બદલવાની જરૂર છે. અને તેના માટે અમે સૌ તૈયાર છીએ.
જિગ્નેશઃ અને હા... એક બીજી વાત, કોઇ ચાહે કેટલું પણ તમને ભડકાવે કે પરમાણુ વીજળીઘર અંગે ખોટો પ્રચાર કરે, તમારે તેમની કોઇ પણ વાતમાં આવવાનું નથી. સમજ્યા?
સૌ લોકોઃ સમજી ગયા જિગ્નેશ બેટા... બેટા તે તો અમારી આંખો ખોલી દીધી અને અમારી તમામ શંકાઓ અને ગેરમાન્યતાઓ ખૂબ સારી રીતે દૂર કરી દીધી અને અમને ભાન કરાવ્યું કે અમારે પણ દેશના વિકાસ માટે યોગદાન આપવું પડશે. અમે સૌ તૈયાર છીએ અમારા ગામને ખુશાલ બનાવવા માટે અને દેશની પ્રગતિમાં ભાગીદાર બનવા.
જિગ્નેશઃ હા એક બીજી વાત... તમને સૌને આ જાણીને કદાચ આશ્ચર્ય થશે, પરંતુ વીજળીઘરોની આસપાસ સ્વચ્છ અને લીલોતરી ધરાવતા પર્યાવરણને લીધે લાખો પક્ષીઓ અને પતંગિયાઓએ પણ તેમને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું છે.




જિગ્નેશની વાતો સાંભળીને મનસુખ અને ગામના અન્ય લોકોએ પરમાણુ વીજળીઘરની મુલાકાત લેવાની તૈયાર બતાવી છે. મનસુખ અને ગામના અન્ય લોકોએ પરમાણુ વીજળીઘરની મુલાકાત લીધી ત્યાર બાદ શું થયું? તેમને ત્યાંની મુલાકાત લઈને કેવું લાગ્યું? તેમણે ત્યાં જઈને શું જોયું?

જાણવા માટે પ્રતીક્ષા કરો આગલા ભાગની...

**"અણુ ઉર્જા... દેશની ઉર્જા.**
**સ્વચ્છ ઉર્જા... સ્વચ્છ ભારત."**

## મનસુખની મુલાકાત...

વાર્તા પરમાણુ વીજળીઘરની મુલાકાતની...

ક્રમશઃ



एनपीसीआईएल
NPCIL

# ન્યૂક્લિઅર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ

## (ભારત સરકારનું ઉપક્રમ)

**જાહેર હિતમાં જારી કરાયું...**

પ્રકાશક :

**ડાયરેક્ટોરેટ ઓફ કોર્પોરેટ પ્લાનીંગ એન્ડ કોર્પોરેટ કોમ્યુનિકેશન્સ (સીપીએન્ડસીસી)**

૬-એસ-૧૪, વિક્રમ સારાભાઈ ભવન, અનુશક્તિ નગર, મુંબઈ-૪૦૦૦૯૪

ઈમેલ : cpcc@npcil.co.in

વેબસાઈટ www.npcil.nic.in